ક્રમાંક: અ/જમન/૧૪/1003-08/૨૦૨૧-૨૨,
મુખ્ય વન સંરક્ષકની કચેરી,
વલસાડ વન વર્તુળ "વન ભવન",
ફોન નં.૦૨૬૩૨-૨૪૦૧૧૦,
ઇ-મેલ-ccfvalsad16@gmail.com,
વલસાડ, તા.08/૦૯/૨૦૨૧.

પ્રતિ,
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,
જમીન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

વિષય:- Diversion of 0.0570 ha. of Protected and Reserved Forest land of widening 7.00 mtr to 10.00 mtr of SH-172 Vyara-Bheskatri-Kalibel-Pimpri road km.00/000 to 06/800 Taluka-Waghai, District-Dang in Gujarat State.

સંદર્ભ:- (૧) આપશ્રીની કચેરીના પત્રાંક: જમન/૩૧/બ/૩૪૬૫-૬૭, તા. ૦૨/૦૯/૨૦૨૧.
(૨) નાયબ વન સંરક્ષકશ્રી, ડાંગ દક્ષિણ વન વિભાગ, આહવાની કચેરીના પત્રાંક: અ/સર્વે/૧૩/૯૫૨, તા. ૦૬/૦૯/૨૦૨૧.
(3) ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: વપસ-૧૦૧૨-૧૩૩-ડબલ્યુ,તા. ૩૧/૦૫/૨૦૧૨.

સાદર ઉપરોકત વિષય અન્વયે નિવેદન કે, આપશ્રીના સંદર્ભ-૧ ના પત્રથી ઉપસ્થિત કરવામાં આવેલ ક્ષતિની પુર્તતા નાયબ વન સંરક્ષકશ્રી, ડાંગ દક્ષિણ વન વિભાગ, આહવાના સંદર્ભ-૨ ના પત્રથી નીચે મુજબ પુર્તતા કરવામાં આવેલ છે. જે વિદિત થવા વિનંતી છે. (સંદર્ભ-૨ ના પત્રની નકલ સામેલ છે.)

| ક્રમ | મુદ્દાની વિગત | જવાબ |
|---|---|---|
| ૧ | ૨ | 3 |
| ૧ | કાર્યપાલક ઇજનેરશ્રી, ડાંગ આર એન્ડ બી, ડિવિઝન આહવાની ૦.૦૫૭૦ હેક. રોડ વાઇડનીંગની દરખાસ્તમાં એનેક્ષર-૨૫ માં જણાવ્યા મુજબ માંગણીવાળો વિસ્તાર પુર્ણા વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરીથી ૪.૨ કિ.મી. ના અંતરે આવેલ છે.<br>વન સંરક્ષણ ધારા - ૧૯૮૦ હેઠળ મંજુરી માટેની દરખાસ્તોમાં અભ્યારણ / રાષ્ટ્રીય ઉધાનની બાહ્ય હદથી ૧૦.૦૦ કિ.મી. સુધીમાં આવતો હોય એવા કિસ્સામાં અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી, ગુજરાત રાજય, ગાંધીનગરનું | જે અન્વયે સંદર્ભ-૧ના પત્રથી જણાવ્યા મુજબ વન સંરક્ષણ ધારા - ૧૯૮૦ હેઠળ મંજુરી માટેની દરખાસ્તોમાં અભ્યારણ્ય / રાષ્ટ્રીય ઉધાનની બાહ્ય હદથી ૧૦.૦૦ કિ.મી. સુધીમાં આવતો હોય તેવા વિસ્તારમાં ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનનું એનઓસી મેળવવાનું થાય છે. તેમ જણાવેલ છે.<br>સરકારશ્રીના સંદર્ભ-૩ ના ઠરાવ અનુસાર (નકલ સામેલ છે.) " રાજયના કોઇ |

| | | |
|---|---|---|
| | એનઓસી મેળવવાનું રહે છે. પ્રસ્તુત દરખાસ્તમાં ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડનનું એનઓસી મેળવવાનું થાય છે. જેથી આપશ્રીની કચેરીનાં પત્રાંક: જમન/ટે.૨૯/બ/૨૩૯૩-૨૪૬૨, તા. ૧૬/૦૭/૨૦૨૦ તેમજ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીનાં પત્રાંક: વપસ/ટે.૩૨/બ/૧૬૧૦, તા. ૧૪/૦૭/૨૦૨૦ (નકલ સામેલ છે.)થી આપવામાં આવેલ સુચના મુજબ ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડનશ્રીના અભિપ્રાય અંગેની દરખાસ્ત માટેનું પત્રક તથા નકશો તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે. | પણ અભયારણ્ય અને નેશનલ પાર્ક ફરતે જો ઇકો સેન્સેટીવ ઝોનની રચના થયેલ હોય તો તેમાં અને રચના ન થઇ હોય તો નેશનલ પાર્ક / અભ્યારણ્યની સરહદથી ૧૦.૦૦ કિ.મી. ના અંતરમાં કોઇ પ્રોજેકટ સાઇટ આવેલ હોય તો નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની પુર્વ મંજુરી મેળવવાની થાય છે.<br><br>ભારત સરકારશ્રીના પર્યાવરણ અને વન મંત્રાલય નવી દિલ્હીના તા.૩૧/૦૫/૨૦૧૨ના ગેઝેટથી પુર્ણ અભ્યારણ્યની બાહ્ય હદથી ૨.૦૦ કિ.મી. સુધી ફરતેનો વિસ્તાર ઇકો સેન્સેટીવ ઝોન તરીકે જાહેર થયેલ છે. (નકલ સામેલ છે.) સદર જાહેર થયેલ વિસ્તારમાં માંગણીવાળો વિસ્તાર આવતો નથી.<br><br>આમ ઉપરોકત પેરા નં.૨ અને ૩ ને ધ્યાને લેતા ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનનું એન.ઓ.સી. મેળવવાની રહેતી નથી. તેમ જણાય છે. |

મુખ્ય વન સંરક્ષક
વલસાડ વન વર્તુળ
વલસાડ

નકલ રવાના:- નાયબ વન સંરક્ષકશ્રી, ડાંગ દક્ષિણ વન વિભાગ, આહવા તરફ તેમની કચેરીનાં ઉકત સંદર્ભ-૨ અન્વયે જાણ સારૂ.

# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા

## મુ.આહવા તા.આહવા જિ.ડાંગ.

Telephone no:- (02631) 220246

E-mail:-dcfdangsouth16@gmail.com


ક્રમાંક:-અ/સર્વે/૧૩/952 /સને ૨૦૨૧-૨૨
આહવા તા. 6 /૦૯/૨૦૨૧

મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
વલસાડ વન વર્તુળ, વલસાડ.
તારીખ :- 06/09/2021
આવક નં. :- (B) 3343
શાખાનું નામ :- T-14

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
વલસાડ વન વર્તુળ,
વલસાડ

**વિષય**:- Diversion of 0.0570 ha Protected and Reserved Forest land of project of widening 7.00 meter to 10.00 meter of S.H.No. 172 Vyara –Bheshatri –kalibel-pimpari road K.m 00/000 to 06/800 Taluka: Waghai,District:Dang,State:Gujarat.

**સંદર્ભ**:- (૧)અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,જમીન,ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્રાંક:- જમન/૩૧/બ/૩૪૬૫-૬૭તા.૦૨-૦૯-૨૦૨૧
(૨)આપશ્રીના પત્ર ક્રમાંક:બ/જમન/૧૪/૩૧૪૬-૪૮ તા.૦૪-૦૯-૨૦૨૧
(૩)ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:વપસ-૧૦૧૨-૧૩૩-ડબલ્યુ તા.૩૧-૦૫-૨૦૧૨

સાદર સહ ઉપરોક્ત વિષય અન્વયે નિવેદન કે વન સંરક્ષણ ધારા ૧૯૮૦ હેઠળ રોડ વાયડનીગ અંગેની ૦.૦૫૭ હેકટર વિસ્તારની અત્રેથી મંજુરી અર્થે સાદર કરેલ દરખાસ્તના ચેકલીસ્ટ નંબર-૨૫માં અભયારણ્ય વિસ્તારથી માંગણીવાળો વિસ્તાર અંદાજે ૪.૨૦ કિ.મી. દુર આવેલ છે તેમ દર્શાવેલ. જે અનુસંધાને સંદર્ભ-૧ અને ૨ ના પત્રથી જણાવ્યા મુજબ વન સંરક્ષણ ધારા ૧૯૮૦ હેઠળ મંજુરી માટેની દરખાસ્તોમાં અભયારણ્ય/ રાષ્ટ્રીય ઉદ્યાનની બાહ્ય હદથી ૧૦.૦૦ કિ.મી. સુધીમાં આવતો હોય તેવા કિસ્સામાં ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનનુ એન.ઓ.સી. મેળવવાનુ થાય છે તેમ જણાવેલ છે.

૨/-સરકારશ્રીના સંદર્ભ-૩ના ઠરાવ અનુસાર(નકલ સામેલ છે) "" **રાજ્યના કોઈ પણ અભયારણ્ય અને નેશનલ પાર્ક ફરતે જો ઇકો સેન્સેટીવ ઝોનની રચના થયેલ હોય તો તેમાં અને રચના ન થઇ હોય તો નેશનલ પાર્ક/અભ્યારણ્યની સરહદથી ૧૦.૦૦ કિ.મી.ના અંતરમાં કોઇ પ્રોજેક્ટ સાઇટ આવેલ હોય તો નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની પુર્વ મંજુરી મેળવવાની થાય છે""**

**૩/-ભારત સરકારશ્રીના પર્યાવરણ અને વન મંત્રાલય નવી દિલ્હીના તા.૩૧-૦૫-૨૦૧૨ના ગેઝેટ્થી પુર્ણા અભ્યારણ્યની બાહય હદ્થી ૨.૦૦ કિ.મી.સુધી ફરતેનો વિસ્તાર ઇકો સેન્સેટીવ ઝોન તરીકે જાહેર થયેલ છે(નકલ સામેલ છે)**સદર જાહેર થયેલ વિસ્તારમાં માંગણીવાળો વિસ્તાર આવતો નથી,

9 SEP 2021
T.14

આમ ઉપરોક્ત પેરા નંબર ૨ અને ૩ને ધ્યાને લેતા ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનનુ એન.ઓ.સી. મેળવવાની રહેતી નથી. તેમ જણાય છે.જે આપશ્રીને વિદિત થાય.

બિડાણ:-ઉપર મુજબ.

નાયબ વન સંરક્ષક
દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા

D:\30-08-2019 sarve tebal\JITESH\USB Drive\FCA Darakhaast\0.0570(Road)\FD 0.057 Latter.docx

અભયારણ્ય /રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે જાહેર થયેલ વિસ્તાર ફરતે અધિકૃત ઇકો સેન્સીસીટીવ ઝોનમાં અથવા તેની બાહ્ય સરહદથી ૧૦ કિ. મી. વિસ્તારમાં તથા વન્યજીવનની અવર-જવરના અગત્યના માર્ગોમાં વન્યજીવન સંરક્ષણના દ્રષ્ટિકોણથી લેવાની મંજૂરી/ના-વાંધા પ્રમાણપત્ર બાબત

અગ્ર મુખ્ય વન સંરક્ષક વન્ય પ્રાણી
ગુ.રા. ગાંધીનગર.
આવક ક્રમાંક: ૩૧૦
તારીખ: ૧/૬/૧૨
સંગ્રહ ક્રમાંક: ૩-૨

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક : વપસ-૧૦૧૨-૧૩૩-ડબલ્યુ
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૫/૨૦૧૨
3 1 MAY 2012

સંદર્ભ:- (૧) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : વપસ-૧૧૯૯/૭/ગ-૧, તા. ૨૧-૦૮-૧૯૯૯.

(૨) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : ડબલ્યુએલપી-૧૧૯૯/૧૬૩૨/ગ.૧, તા. ૨૦-૧૧-૧૯૯૯.

(3) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પરિપત્ર ક્રમાંક : વપસ-૧૦૨૦૦૨-૧૩૮૪-ગ.૧, તા. ૦૯-૦૮-૨૦૦૨.

(૪) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા. ૦૨-૦૪- ૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક : વપસ-૧૦૨૦૦૮-૩૯૯-ગ.૧.

(૫) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક : વપસ-૧૦૧૧-૫૫૬-ડબલ્યુ, તા. ૧૫-૧૨-૨૦૧૧.

(૬) પર્યાવરણ અને વન મંત્રાલય, ભારત સરકારનું ઓફિસ મેમોરેન્ડમ નં. જે-૧૧૦૧૩-૪૧-૨૦૦૬-IA II(I) તા. ૦૨/૧૨/૨૦૦૯.

(૭) ભારત સરકાર, નવી દિલ્હીના પર્યાવરણ અને વન મંત્રાલયનો તા. ૧૫-૦૩-૨૦૧૧ નો પત્ર ક્રમાંક : એફ નં. ૬-૧૦-૨૦૧૧-WL

(૮) પર્યાવરણ અને વન મંત્રાલય, ભારત સરકારનું તા. ૧૪/૦૯/૨૦૦૬ નું જાહેરનામું ક્રમાંક : એસ.ઓ. ૧૫૩૩.

(૯) પર્યાવરણ અને વન મંત્રાલય, ભારત સરકારનો તા. ૧૭/૦૧/૨૦૧૨ નો પત્ર F. No. 6-10/2011 WL.

(૧૦) IA Nos. 1413, 1414, 1454, in IA No. 1413, 1426, 1428, 1440, 1439, 1441, 1444-1445, 1459 and 1460 in Writ Petition (C) No. 202/1995 માં સર્વોચ્ચ અદાલતનો તા.૪-૦૮-૨૦૦૬નો હુકમ.

(૧૧) IA No. 14-37, 41-42, 44, 46-56, 60-62, 63 to 64, 65-73 and 74 in SLP (C) No. 13658/1996 માં સર્વોચ્ચ અદાલતનો તા. ૦૭/૦૫/૨૦૧૦ નો હુકમ.

<u>પ્રસ્તાવના</u> :-

અભયારણ્ય/રાષ્ટ્રીય ઉધાન ફરતે અધિકૃત ઇકો સેન્સીસીટીવ ઝોનમાં અને આવો ઝોન જાહેર ન થયો હોય ત્યાં તેવા વિસ્તારની સરહદથી ૧૦ કિ.મી. સુધીના વિસ્તારમાં તથા વન્ય જીવનની અવરજવરની દ્રષ્ટિએ મહત્વનો હોય તેવા વિસ્તારમાં આવેલ હોય તે પ્રોજેક્ટ માટે પર્યાવરણીય કલીયરન્સ લેતા પહેલા, નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની પૂર્વ-મંજૂરી મેળવવાની જોગવાઇ ભારત સરકારના આમુખના ક્રમાંકઃ (૬) અને (૭) માં દર્શાવેલ સંદર્ભોથી કરવામાં આવેલ. આ સંદર્ભે, આ વિભાગના આમુખના ક્રમાંક-(૫) માં દર્શાવેલ તા. ૧૫/૧૨/૨૦૧૧ ના ઠરાવથી જરૂરી સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ, જેમાં ભારત સરકારના સબંધિત બન્ને સંદર્ભોનો સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં કેટલીક કચેરીઓ ધ્વારા તેનું સાચુ અર્થઘટન ન થતા ગુંચવણો ઉપસ્થિત થયેલ. તદપરાંત આ બાબતમાં 'ના-વાંધા પ્રમાણપત્ર' અંગે આ વિભાગના સંદર્ભ (૧) થી (૪) પરની સૂચનાઓનું તા. ૧૫/૧૨/૨૦૧૧ ના ઠરાવની સૂચનાઓ સાથે કેટલીક કચેરીઓ સંકલન કરી શકતી ન હતી. આ પરિસ્થિતિનું પુનરાવર્તન ટાળવા માટે સરળ શબ્દોમાં આ તમામ સુચનાઓનો પુનરોલ્લેખ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે પ્રસ્તુત બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## // ઠ રા વ //

આમુખમાં દર્શાવેલા આ વિભાગના સંદર્ભ (૧) થી (૫) પરના પત્રો, પરિપત્રો અને ઠરાવો આથી રદ કરવામાં આવે છે અને તેના બદલે નીચે મુજબની જોગવાઇઓ કરવામાં આવે છે.

(અ) <u>જેમાં પર્યાવરણીય મંજૂરી (Environmental Clearance) જરૂરી હોય તેવા</u>
<u>પ્રોજેક્ટ્સ / પ્રવૃત્તિઓ માટેની જોગવાઇ</u>

(૧) રાજ્યના કોઇ પણ અભયારણ્ય અને નેશનલ પાર્ક ફરતે જો ઇકો-સેન્સીટીવ ઝોનની રચના થયેલ હોય તો તેમાં અને રચના ન થઇ હોય તો નેશનલ પાર્ક/અભયારણ્યની સરહદથી ૧૦ કિ.મી. ના અંતરમાં તથા વન્યજીવનની અવરજવરના અગત્યના માર્ગોમાં જો કોઇ પ્રોજેક્ટ સાઇટ આવેલ હોય તો તેની પર્યાવરણીય મંજૂરી (Environmental Clearance) લેતાં પહેલાં સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફ મારફતે નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની સ્ટેન્ડીંગ કમિટીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

(૨) પર્યાવૅણીય મંજૂરી (Environment Clearance) ની આવશ્યકતા કયા પ્રોજેકટ / પ્રવૃતિઓ માટે રહે છે તે અંગે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયના આમુખના ક્રમાંક : (૮)માં દર્શાવેલ તા. ૧૪/૦૯/૨૦૦૬ ના જાહેરનામા, તે સાથેના શિડ્યુલ અને તેમાં વખતોવખત થયેલ સુધારાની જોગવાઇઓ આખરી રહેશે.

(3) નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની સ્ટેન્ડીંગ કમિટીની પૂર્વ મંજૂરી મેળવવા માટેની કાર્યપધ્ધતિ ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયના સંદર્ભ (૭) માં દર્શાવેલ તા. ૧૫/03/૨૦૧૧ ના પત્રના ફકરા ૨.૧ થી ૨.૮ મુજબની રહેશે.

(બ) <u>જેમાં પર્યાવરણીય મંજૂરી જરૂરી ન હોય તેવી પ્રવૃતિ/પ્રોજેકટસ માટેની જોગવાઇ.</u>

(૧) ઉપર્યુક્ત વિસ્તારમાં ઔદ્યોગિક/અન્ય પ્રવૃતિઓ કે જેના વ્યાપ, વિસ્તાર, કદ, પ્રમાણ વગેરે જોતાં ટેકનિકલ રીતે પર્યાવરણીય મંજૂરી (Environment Clearances) મેળવવાની આવશ્યકતા ન હોય પરંતુ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના " ના વાંધા પ્રમાણપત્ર " ની જરૂર હોય તેવી ઔદ્યોગિક/અન્ય પ્રવૃત્તિ માટે વન્યજીવન સંરક્ષણના દ્રષ્ટિકોણથી અગ્ર મુખ્ય વન સંરક્ષક (વન્ય જીવન), ગુજરાત રાજ્યનું " ના વાંધા પ્રમાણપત્ર " મેળવવાનું રહેશે.

કોઇ અભયારણ્ય/નેશનલ પાર્કના ખાસ સંજોગો ધ્યાને રાખતાં તે માટે અલગ રીતે વિશિષ્ટ જોગવાઇ કરવામાં ન આવી હોય તો આ પ્રકારની પ્રવૃત્તિ

સિવાયની અન્ય કોઇ પ્રવૃત્તિ માટે અગ્ર મુખ્ય વન સંરક્ષક (વન્ય જીવન), ગુજરાત રાજ્યનું 'ના વાંધા પ્રમાણપત્ર' મેળવવાનું રહેશે નહિ.

(૨) " ના વાંધા પ્રમાણપત્ર " મેળવવા માટે સબંધકર્તા અરજદારોએ નીચેની સંપૂર્ણ વિગતો સાથે જે તે રક્ષિત વિસ્તારની યોગ્ય જાળવણી માટે જવાબદાર હોય તે નાયબ વન સંરક્ષકને અરજી કરવાની રહેશે.

1. <u>કુદરતી સરહદ</u>

પ્રોજેક્ટ/પ્રવૃત્તિના સ્થળનું જે તે રક્ષિત વિસ્તારથી અંતર, ઉંચાઇ તથા બન્ને વચ્ચે આવેલ કુદરતી સરહદ (જેમ કે નદી, નાળા, વૃક્ષોની ઝાડી) તથા સદર કામગીરીથી આ કુદરતી સરહદ ઉપર થનારી સંભવિત અસરો.

2. <u>પદ્ધતિ અને મશીનરી</u>

સૂચિત પ્રોજેક્ટ/પ્રવૃત્તિ માટે ઉપયોગમાં લેવાનાર પદ્ધતિ અને મશીનરીના કારણે જે તે વિસ્તાર ઉપર થનાર સંભવિત અસરો. દા.ત. ધ્વનિ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, જળ પ્રદૂષણ, વાઇબ્રેશન, ધૂળની રજકણોનો ફેલાવો, બિન ઉપયોગી મટીરીયલ/કચરાનો ભરાવો, બ્લાસ્ટીંગને કારણે વાતાવરણમાં ફેંકાતા પદાર્થોનું વજન અને વેગ, કન્વેયર બેલ્ટ હોય તો તે ખુલ્લો છે કે આવરણવાળો વગેરે બાબતો.

3. <u>મટીરીયલ ફ્લો</u>

બિન ઉપયોગી મટીરીયલ/કચરાનો સંગ્રહ કરવાની જગ્યાએ વર્ષ દરમ્યાન પવનની દિશા, પ્રોજેક્ટ/પ્રવૃત્તિના વિસ્તારમાંથી પ્રદૂષિત પાણીનું રક્ષિત વિસ્તાર તરફ વહેણ, સ્થળનો ઢોળાવ તથા પસાર થતી ડ્રેનેજ લાઇનની રક્ષિત વિસ્તાર ઉપર અસર, ઓપન માઇનીંગના કિસ્સામાં ખાડાની લંબાઇ, પહોળાઇ તથા ઉંડાઇ, રક્ષિત વિસ્તારની સરહદથી પ્રોજેક્ટ/પ્રવૃત્તિના સ્થળ વચ્ચેના ગાળામાં પ્રોજેક્ટ/પ્રવૃત્તિની આડ અસરો ઘટાડી શકાય તે માટે વિવિધ ઉપાયો, જેમ કે અમુક પહોળાઇના પટ્ટામાં વૃક્ષોની રોપણી, કાચા રસ્તા તથા અન્ય બિનઉપયોગી મટીરીયલના સંગ્રહ સ્થળ ઉપર પાણીનો છંટકાવ, પ્રોડક્ટ કે રો મટીરીયલ વાહતુક કરવાનો રસ્તો રક્ષિત વિસ્તાર બહારથી પસાર કરવાનો વિકલ્પ.

4. પ્રોજેક્ટ/પ્રવૃત્તિની કામગીરી પૂર્ણ

(7)

5. માઇનીંગના સંદર્ભમાં જે ખનીજ પ્રાપ્ત કરવાની હોય તે કેટલે અંશે દુર્લભ કે સુલભ છે તેનું વિવરણ અને આ ખનીજ રાષ્ટ્રીય સુરક્ષા વગેરે કોઇ શ્રેષ્ઠ ઉદ્દેશ સાથે સબંધિત છે કે નહિ તેનું વિવરણ, અભયારણ્ય/ ઇત્યાદી નજીક સ્થાપવાના કયા અનિવાર્ય કારણો છે તેનું સ્પષ્ટીકરણ અને વિકલ્પની કોઇ અન્ય જમીન ઉપલબ્ધ છે કે નહિ તેનો અભ્યાસ અને તારણ.

(૩) અરજી મળ્યેથી વન વિભાગના ક્ષેત્રિય અધિકારીએ તે અંગે વિચારણા કરી, પોતાના સ્પષ્ટ અભિપ્રાય સહિત તે અરજી વર્તુળ કચેરી મારફતે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યજીવન) ને મોકલી આપવાની રહેશે. જેઓ " ના વાંધા પ્રમાણપત્ર " આપવા કે ન આપવા તે અંગે આખરી નિર્ણય લેશે.

(૪) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યજીવન) ના નિર્ણય સામે રાજ્ય સરકારમાં અપીલ થઇ શકશે.

(૬) માઇનીંગ પ્રવૃત્તિ માટેની વધારાની વિશિષ્ટ જોગવાઇઓ.

(૧) તમામ અભ્યારણ્યો / નેશનલ પાર્ક આસપાસ ખાણકામની પ્રવૃત્તિઓ આમુખના ક્રમાંક (૧૦) માં દર્શાવેલા સર્વોચ્ચ અદાલતના તા. ૪/૮/૨૦૦૬ ના હુકમ મુજબ રહેશે.

(૨) નારાયણ સરોવર ચિંકારા અભ્યારણ્ય આસપાસની માઇનીંગ પ્રવૃત્તિ આમુખના ક્રમાંક (૧૧) માં દર્શાવેલા સર્વોચ્ચ અદાલતના તા. ૭/૫/૨૦૧૦ ના હુકમ મુજબ રહેશે.

૨. જ્યાં જરૂરી હોય ત્યાં નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની સ્થાયી સમિતિની સંમતિ અથવા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યજીવન), ગુજરાત રાજયનું 'ના વાંધા પ્રમાણપત્ર' મળે તે પહેલાં પ્રોજેકટ/પ્રવૃત્તિ, કોઇપણ સંજોગોમાં શરૂ ન થાય તે જોવાની સંપૂર્ણ જવાબદારી પ્રોજેકટ/પ્રવૃત્તિ સાથે સંકળાયેલ જે તે વિભાગના સબંધિત ક્ષેત્રિય અધિકારીની રહેશે.

૩. કોઇ અભ્યારણ્ય /નેશનલ પાર્કના ખાસ સંજોગો ધ્યાને રાખતાં તે માટે અલગ ઠરાવોથી કરેલ હોય કે હવે પછી કરવામાં આવે તેવી વિશિષ્ટ જોગવાઇઓ આ ઠરાવથી રદ થશે નહિં.

૪. આ ઠરાવની સુચનાઓના અર્થઘટનમાં કોઇ દ્વિધા ઉભી થાય તો આમુખમાં દર્શાવેલ સબંધિત સંદર્ભના લખાણની ભાષા અને અર્થઘટન આખરી રહેશે.

૫. આ હુકમો ઉધોગ અને ખાણ વિભાગની તા.૧૫/૦૨/૨૦૧૨ ની તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા.૧૫/૦૨/૨૦૧૨ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(પરિતોષ કિશ્ચિયન)
સંયુક્ત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

(૧) અગ્ર સચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૪) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યપ્રાણી), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૫) કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૬) તમામ જીલ્લા કલેક્ટરશ્રી
(૭) તમામ અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી/મુખ્ય વન સંરક્ષકશ્રી/વન સંરક્ષકશ્રી અને નાયબ વન સંરક્ષકશ્રી. (અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી-વન્ય જીવન મારફત).
(૮) નિયામકશ્રી (પર્યાવરણ), વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૯) સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર.
(૧૦) નાયબ સચિવશ્રી (પર્યાવરણ), વન અને પર્યાવરણ વિભાગ, સચિ. ગાંધીનગર.
(૧૧) સેકશન અધિકારીશ્રી/એફ-શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિ. ગાંધીનગર.
(૧૨) સીસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. IWDMS પર મૂકવાની વિનંતી સહ.
(૧૩) શાખા સીલેક્ટ ફાઈલ.
(૧૪) નાયબ સેકશન અધિકારી-સિલેક્ટ ફાઇલ.